GJBK090012292022

દાખલ તારીખ ૧૩/૧૨/૨૦૨૨
રજુ તારીખ ૧૩/૧૨/૨૦૨૨
ફેસલ તારીખ ૦૧ /૦૩/૨૦૨૩
સમય:- દિ. મહીનો. વર્ષ.
આંક.

---

**ધાનેરાના મહે. જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં,**
મું.ડીસા.
ક્રિ.પ.અ.૮૫/૨૦૨૨.

---

કિશનકુમાર ભરતભાઈ પટેલ **..અરજદાર...**

ઉ.વ.આ.૨૪, ધંધો. અભ્યાસ,

રહે. મુ.ચંદ્રાવતી, તા.સિધ્ધપુર,

જિલ્લો.પાટણ.

**વિરુધ્ધ.**

૧. આચાર્યશ્રી, **..સામાવાળા..**
શેઠશ્રી એચ.કે.આકોલીયા વિવેકાનંદ વિદ્યાલય,
ધાનેરા, મુ.ધાનેરા, તા.ધાનેરા,
જિલ્લો.બનાસકાંઠા.

૨. નોંધણી અધિકારીશ્રી જન્મ મરણ નગરપાલિકા,
સબ રજીસ્ટ્રાર કચેરી, મું.મહેસાણા, તા.જિ.મહેસાણા.

૩. જિલ્લા શિક્ષણ અધિકારી,
જિલ્લા શિક્ષણ કચેરી, જોરાવર પેલેસ-પાલનપુર,
તા.પાલનપુર, જિલ્લો.બનાસકાંઠા.

<u>**અરજ**</u>: ગુજરાત સેકન્ડરી એજયુકેશન રેગ્યુલેશન એકટની કલમ ૧૨-એ, કલોઝ-૬ મુજબ..

--------

**– ઠ રા વ –**

(૧) અરજદારની અરજી વંચાણે લીધી, અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારનો જન્મ તેઓની માતા શીલ્પાબેન ભરતભાઈ પટેલના કુખે તા.૧૬/૦૮/૧૯૯૮ના રોજ થયેલો જેની નોંધણી મહેસાણા સબ રજીસ્ટ્રાર કચેરી(જન્મ મરણ) નોંધણી કચેરીમાં તા.૧૭/૦૮/૧૯૯૮ની છે. પરંતુ અરજદારની ધો.૧૦ની માર્કશીટમાં જન્મ તા.૧૬/૦૬/૧૯૯૮ લખેલ છે જે જન્મ તારીખ સામાવાળા નં.૧ના શાળાના રેકર્ડ ઉપરથી લખવામાં આવેલ છે અને તેઓના જન્મના દાખલા અને શાળાના એલ.સી. પ્રમાણપત્રમાં તેઓની જન્મ તા.૧૬/૦૮/૧૯૯૮ લખેલ છે જે જન્મ તારીખ તેઓની સાચી અને ખરી જન્મ તારીખ છે. અરજદારને ભવિષ્યમાં સરકારી કામે વિદેશ જવામાં તકલીફ પડે તેમ હોઈ આ જન્મના પ્રમાણપત્રની જરુર હોઈ હાલની અરજી અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૨) અરજદાર તરફે આંક.૩થી દસ્તાવેજી લીસ્ટ રજુ કરી, માર્ક.૩/૧ થી અરજદારનું ધો.૧૨નું જુનુ એલ.સી.પ્રમાણપત્ર, માર્ક.૩/૨ થી અરજદારનું ધો.૧૨નું સુધારેલ એલ.સી.પ્રમાણપત્ર, માર્ક.૩/૩ થી ધો.૧૦નું માર્કશીટ તથા માર્ક.૩/૪ થી અરજદારનું જન્મનું પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે જેનાથી પણ અરજીની હકીકતને સમર્થન આપેલ છે. વધુમાં અરજદારની અરજીના સમર્થનમાં આંક.૯ થી સાહેદ રાજેન્દ્રસિંહ ભુરસિંહ બારડ કે જેઓ મહેસાણા નગરપાલિકામાં સબ રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવે છે તેઓને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓની જુબાની વંચાણે લેતા તેઓએ અરજદારની જુબાનીને સમર્થન આપેલ છે. સદરહું સાહેદની જુબાની વંચાણે લેતા તેઓની જુબાની દરમ્યાન આંક.૧૧ થી જન્મ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ રજુ કરેલ છે જે વંચાણે લેતા અરજદારની જન્મ તા.૧૬/૦૮/૧૯૯૮ની છે જેનાથી અરજીને સમર્થન મળે છે.

(૩) આ કામે આંક–૪ના પુરાવા લીસ્ટથી અરજદારે જન્મ–મરણ અધિનીયમ

અંગેની જાહેર નોટીસ ગુજરાત દૈનીક વર્તમાનપત્રમાં તા.૨૯/૧૨/૨૨ ના રોજ છપાયેલ તે અસલ જાહેરનોટીસ રજુ થયેલ છે. જે જાહેર નોટીસ સબંધે આજદિન સુધી કોઇજ વાંધા અરજી આવેલ નથી.

(૫) આમ અરજદારનો જન્મ તેઓની માતા શીલ્પાબેન ભરતભાઈ પટેલના કુખે તા.૧૬/૦૮/૧૯૯૮ના રોજ થયેલો જેની નોંધણી મહેસાણા સબ રજીસ્ટ્રાર કચેરી(જન્મ મરણ) નોંધણી કચેરીમાં તા.૧૭/૦૮/૧૯૯૮ની છે પરંતુ અરજદારની ધો.૧૦ની માર્કશીટમાં જન્મ તા.૧૬/૦૬/૧૯૯૮ લખેલ છે જે જન્મ તારીખ સામાવાળા નં.૧ના શાળાના રેકર્ડ ઉપરથી લખવામાં આવેલ છે અને તેઓના જન્મના દાખલા અને શાળાના એલ.સી. પ્રમાણપત્રમાં તેઓની જન્મ તા.૧૬/૦૮/૧૯૯૮ લખેલ છે જે જન્મ તારીખ તેઓની સાચી અને ખરી જન્મ તારીખ છે. અરજદારને ભવિષ્યમાં સરકારી કામે વિદેશ જવામાં તકલીફ પડે તેમ હોઈ અરજદારને સરકારી તથા અર્ધ સરકારી કચેરીમાં દાખલો રજુ કરવાનો હોવાથી અને આ અદાલતે તેના જન્મની નોંધણીનો હુકમ કરવાની સત્તા હોઈ તથા અરજદારની અરજીની હકીકત નિ:શંકપણે સાબીત થતી હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–<u>:: હુકમ ::</u>–

અરજદાર કિશનકુમાર ભરતભાઈ પટેલની અરજી મંજુર કરવામાં આવે છે.

સામાવાળાને હુકમ કરવામાં આવે છે કે, નિયમ મુજબ લેઈટ ફી લઈ અરજદાર કિશનકુમાર ભરતભાઈ પટેલનો જન્મ તા.૧૬/૦૮/૧૯૯૮ ના રોજ થયેલ છે તે મતલબ નો સામાવાળા નં.૧નાએ રેકર્ડમાં સુધારો કરી આપવો.

આ હુકમ અંગે સામાવાળાને જરુરી યાદી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

મુ. ધાનેરા.
તા.૦૧/૦૩ /૨૦૨૩

**(સુરેન્દ્રપાલસિંહ દેવડા)**
જ્યુ.મેજી.ફ.ક.ધાનેરા.
જી.જે.૦૧૬૧૪